JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ સાતમ, શુક્રવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૬ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


## ચીની કંપનીઓ માટે ભારતની ‘રેડ કાર્પેટ’?








**નવી દિલ્હી, તા. 8 :** ભારતનું નાણા મંત્રાલય પાંચ વર્ષ જૂના એવા નિયંત્રણોને હટાવવાની તૈયારી કરી રહ્યું છે જે ચીની કંપનીઓને સરકારી કોન્ટ્રાક્ટમાં ભાગ લેતા અટકાવે છે એમ આ બાબતથી પરિચિત બે સ્ત્રોતોએ આ માહિતી આપી છે.

આ પ્રતિબંધો સૌપ્રથમ ૨૦૨૦માં સરહદ પર ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણ બાદ લાદવામાં આવ્યા હતા.

આ હેઠળ ચીનના બિડર્સ (બોલી લગાવનારાઓ) માટે સરકારી સમિતિમાં નોંધણી કરાવવી અને રાજકીય તથા સુરક્ષા મંજૂરી મેળવવી ફરજિયાત હતી. આ અવરોધોની આર્થિક અસર ઘણી મોટી રહી છે, જેના કારણે અંદાજે ૭૦૦ અબજ ડોલરથી ૭૫૦ અબજ ડોલરના ભારતીય સરકારી પ્રોજેક્ટ્સમાંથી ચીની કંપનીઓ અસરકારક રીતે બહાર ફેંકાઈ ગઈ હતી.

પ્રતિબંધો લાગુ થયાના થોડા મહિનાઓ પછી, ચીનની સરકારી માલિકીની કંપની CRRCને ૨૧૬ મિલિયન ડોલરના ટ્રેન મેન્યુફેક્ચરિંગના મોટા કોન્ટ્રાક્ટ માટે અયોગ્ય જાહેર કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણા મંત્રાલયના અધિકારીઓ સરહદી દેશોના બિડર્સ માટે ફરજિયાત નોંધણીની જરૂરિયાતને દૂર કરવા પર કામ કરી રહ્યા છે. જો કે, આ અંગેનો અંતિમ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓફિસ (PMO) દ્વારા લેવામાં આવશે. આ સૂચિત ફેરફાર અનેક સરકારી વિભાગોની વિનંતીઓ બાદ આવ્યો છે, જેઓ આ પ્રતિબંધોને કારણે પ્રોજેક્ટમાં વિલંબ અને અછતનો સામનો કરી રહ્યા છે. કેટલાક મંત્રાલયોએ દલીલ કરી છે કે આ નિયંત્રણો મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓના કામને ધીમું કરી રહ્યા છે. પૂર્વ કેબિનેટ સચિવ રાજીવ ગૌબાના નેતૃત્વ હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિએ આ પ્રતિબંધો હળવા કરવાની ભલામણ કરી છે.

# ભારત પર 500% ટેરિફની તૈયારી

**રશિયન** ઓઇલ ખરીદવા બદલ ભારત પર ટ્રમ્પ હવે ૫૦૦ ટકા ટેરિફ ઝિંકી શકે છે

**ભારત** અને ચીન પર ૫૦૦ ટકા ટેરિફની જોગવાઇ ધરાવતો ખરડો બંને મુખ્ય પક્ષોના એક-એક સાંસદે રજૂ કર્યો, ટ્રમ્પે આ ખરડાને લીલી ઝંડી આપી

**આ ખરડો** હજી અમેરિકી સંસદમાં પસાર થયો નથી પણ સેનેટમાં તેને જંગી ટેકો જણાય છે

### શું છે આ ખરડો?

**બિલનું નામ:** સેન્ક્શનિંગ રશિયા એક્ટ ઓફ 2025.
પ્રતિબંધની અસર: ભારત, ચીન અને બ્રાઝિલ જેવા દેશો પર સીધી અસર.
**ઉદ્દેશ્ય:** પુતિનને યુક્રેન યુદ્ધ માટે મળતું આર્થિક ભંડોળ અટકાવવું.
**ટેરિફનો દર:** રશિયન તેલની ખરીદી કરવા બદલ 500% ટેરિફ.

**ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. 8:** અમેરિકા દ્વારા ભારત અને ચીન પરના ટેરિફમાં આવતા અઠવાડિયાની શરૂઆતમાં 500 ટકા જેટલો જંગી વધારો થઈ શકે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દ્વિપક્ષીય પ્રતિબંધ ખરડાને લીલી ઝંડી આપી છે, જે વૉશિંગ્ટનને રશિયા પાસેથી જાણતા હોવા છતાં તેલ ખરીદનારા દેશોને સજા કરવાની મંજૂરી આપશે.

રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે ‘X’ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, બુધવારે યોજાયેલી એક ઉત્પાદક બેઠક બાદ રાષ્ટ્રપતિએ આ ખરડાને મંજૂરી આપી દીધી છે. આ કાયદો રશિયન યુરેનિયમ ખરીદતા દેશો પર પણ પ્રતિબંધ મૂકશે. ગ્રેહામે ઉમેર્યું હતું કે આવતા અઠવાડિયાની શરૂઆતમાં આ બિલ પર મતદાન થઈ શકે છે. ગ્રેહામ અને ડેમોક્રેટિક સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલ દ્વારા પ્રાયોજિત આ કાયદો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો પર જબરદસ્ત પ્રભાવ પાડવાની શક્તિ આપશે. સાઉથ કેરોલિનાના રિપબ્લિકન સેનેટરે તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે, આનો ઉદ્દેશ્ય આ દેશોને રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદતા રોકવાનો છે, જેના દ્વારા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન યુક્રેનમાં યુદ્ધ માટે ભંડોળ મેળવે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ યોગ્ય સમયે લેવાયેલું પગલું હશે, કારણ કે યુક્રેન શાંતિ માટે બાંધછોડ કરી રહ્યું છે અને પુતિન માત્ર વાતો કરી રહ્યા છે, જ્યારે નિર્દોષોની હત્યા ચાલુ છે. આ બિલ રાષ્ટ્રપતિ ટ્રમ્પને એવા દેશોને સજા કરવાની મંજૂરી આપશે જેઓ પુતિનના યુદ્ધ મશીનને વેગ આપતું સસ્તું રશિયન તેલ ખરીદે છે. ગ્રેહામ અને બ્લુમેન્થલે ‘સેન્ક્શનિંગ રશિયા એક્ટ ઓફ 2025’ (\RSanctioning Russia Act of 2025) ખરડો રજૂ કર્યો છે, જે પુતિનના યુક્રેનમાં ચાલી રહેલા અમાનવીય યુદ્ધને આર્થિક સહાય ચાલુ રાખનારા દેશો પર સેકન્ડરી ટેરિફ અને પ્રતિબંધો લાદશે. આ ખરડામાં રશિયન તેલની ગૌણ ખરીદી અને પુનઃ વેચાણ પર 500 ટકા ટેરિફ (આયાત કર) લાદવાની દરખાસ્ત કરવામાં આવી છે, અને સેનેટ ફોરેન રિલેશન્સ કમિટીના લગભગ દરેક સભ્યએ આ બિલને સહ-પ્રાયોજિત કર્યું છે.



■ ન્યૂઝીલેન્ડના ગોલ્ડન બે અખાતમાં ફેરવેલ સ્પીટ ખાતે કાંઠે ફસાઇ ગયેલા વ્હેલના ટોળાને બચાવવા પ્રયાસ કરી રહેલા લોકો તસવીરમાં જોઇ શકાય છે.

# મમતાના રાજકીય સલાહકારને ત્યાં ઈડીના દરોડા

**રાજકીય** કન્સલ્ટન્સી કંપની I-PACની ઓફિસ અને તેના વડાના ઘરે ઇડીના દરોડા

**TMCના** IT સેલના વડા અને I-PAC ડાયરેક્ટર પ્રતીક જૈનને ત્યાં સર્ચ ઓપરેશન

**કોલસા** કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીમાં ચાર સહિત કુલ દસ સ્થળોએ દરોડા

**I-PACના** હાલના વડા અને સહસ્થાપક પ્રતિક જૈન સામે કોલસા કૌભાંડમાં આરોપ છે

**નવી દિલ્હી/કોલકાતા, 8 (PTI):** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગુરુવારે કરોડો રૂપિયાના કથિત કોલસા કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં રાજકીય કન્સલ્ટન્સી ફર્મ I-PACની ઓફિસ અને તેના ડાયરેક્ટર પ્રતીક જૈનના કોલકાતા સ્થિત નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા, તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. સોલ્ટ લેક સ્થિત I-PAC ની ઓફિસ અને લાઉડન સ્ટ્રીટ પર જૈનનું ઘર એ લગભગ 10 જગ્યાઓમાં સામેલ છે જ્યાં કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની હાજરીમાં સવારે 7 વાગ્યાથી કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. આમાં દિલ્હીના ચાર સ્થળોનો પણ સમાવેશ થાય છે. IIT-બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (I-PAC) ના સહ-સ્થાપક અને ડાયરેક્ટર જૈન વિરુદ્ધ પશ્ચિમ બંગાળના કોલસા કૌભાંડ કેસમાંથી ઉદ્ભવતા અમુક હવાલા વ્યવહારો અને રોકડ સોદા સંબંધિત ચોક્કસ પુરાવા હોવાને કારણે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જૈન પશ્ચિમ બંગાળમાં સત્તાધારી પક્ષ તૃણમૂલ કોંગ્રેસના IT સેલના વડા પણ છે. I-PACની સ્થાપના 2014 ની લોકસભા ચૂંટણી પહેલા રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર દ્વારા કરવામાં આવી હતી. કિશોર બાદમાં ‘જન સૂરાજ’ નામનો રાજકીય પક્ષ બનાવવા માટે છૂટા પડ્યા હતા, જે ગયા વર્ષે બિહારની ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શક્યો ન હતો. કન્સલ્ટન્સી ફર્મે 2019ની લોકસભા ચૂંટણી પછી તૃણમૂલ કોંગ્રેસ અને પશ્ચિમ બંગાળ સરકાર સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું.

**કોણ છે નિશાના પર?** :આઈ-પેક (I-PAC)ના સહ-સ્થાપક પ્રતીક જૈન, જેઓ IIT-બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને હાલ TMC IT સેલના વડા પણ છે.

**તપાસનું કારણ:** બંગાળમાં થયેલા કથિત કોલસા કૌભાંડના નાણાં હવાલા દ્વારા આઈ-પેક સાથે સંકળાયેલા વ્યવહારોમાં વપરાયા હોવાની આશંકા.

**સ્થળ:** કોલકાતામાં સોલ્ટ લેક સ્થિત ઓફિસ અને લાઉડન સ્ટ્રીટ પરનું નિવાસસ્થાન તેમજ દિલ્હીના ચાર લોકેશન.

**I-PACનો ઈતિહાસ:** પ્રશાંત કિશોરે ૨૦૧૪માં સ્થાપના કરી હતી; ૨૦૧૯થી બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ માટે રાજકીય વ્યૂહરચનાકાર તરીકે કાર્યરત છે.

## કોલકાતામાં હાઈ-વોલ્ટેજ ડ્રામા

# EDના દરોડા વચ્ચે મમતા બેનર્જીની એન્ટ્રી

**ટીએમસીની** ચૂંટણી વ્યુહરચનાના દસ્તાવેજો ઇડી કબજે કરવા માગે છે તેવો મમતાનો આક્ષેપ, ઇડી કબજે કરે તે પહેલા જ કેટલાક દસ્તાવેજો મમતાએ લઇ લીધા

**તપાસ** એજન્સીની કામગીરીમાં દખલનો ભાજપનો મમતા પર આક્ષેપ

**કોલકાતા, 8 (PTI):** પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ગુરુવારે નાટકીય રીતે I-PACના વડા પ્રતીક જૈનના નિવાસ્થાને પહોંચ્યા હતા, જ્યાં EDના દરોડા ચાલુ હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ કેન્દ્રીય એજન્સી તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના આંતરિક દસ્તાવેજો, હાર્ડ ડિસ્ક અને ચૂંટણી વ્યૂહરચના સાથે જોડાયેલા સંવેદનશીલ ડેટા જપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે.

તેમણે કહ્યું કે જૈન, જેઓ મારા આઈટી સેલના ઈનચાર્જ છે, તેમના નિવાસસ્થાન અને કચેરીઓ પર પાડવામાં આવેલા દરોડા રાજકીય રીતે પ્રેરિત અને ગેરબંધારણીય છે. TMC સુપ્રીમો બેનર્જી બપોરે 12 વાગ્યાની આસપાસ જૈનના નિવાસ્થાને પહોંચ્યા હતા, તેના

...અનુસંધાન પાના 15 પર

| તા.૦૮-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન | | |
|---|---|---|
| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| ૨૯.૦° સે. | ૧૫.૦° સે. | ૫૯% |



### મમતા બેનરજી લીલી ફાઇલ લઇને બહાર નિકળતા દેખાયા

સૂત્રોના જણાવ્યા અનુસાર, સર્ચ દરમિયાન ઓફિસમાંથી ઘણી ફાઇલો બહાર લાવવામાં આવી હતી અને જ્યારે મુખ્યમંત્રી હજુ જૈનના નિવાસ્થાને હતા ત્યારે જ તેમને મુખ્યમંત્રીના વાહનમાં રાખવામાં આવી હતી. મમતા પોતે એક લીલા રંગનું ફાઇલ ફોલ્ડર લઇને બહાર નિકળતા જોવા મળ્યા હતા. ઇડીએ આક્ષેપ કર્યો છે કે બંગાળ પોલીસે બળપૂર્વક કેટલાક દસ્તાવેજો સ્થળ પરથી ખસેડી લીધા છે.

### VIP લિફ્ટની વ્યવસ્થા હોવા છતાં મમતા સામાન્ય લિફ્ટ દ્વારા 11મા માળે પહોંચ્યા

બેનર્જી બપોરે 1 વાગ્યાની આસપાસ સેક્ટર-V ઓફિસ પહોંચ્યા હતા. ત્યાં સુધીમાં બિધાનનગર પોલીસ કમિશનરેટના વરિષ્ઠ અધિકારીઓએ વિસ્તારને ઘેરી લીધો હતો, જ્યારે બિધાનનગરના મેયર કૃષ્ણા ચક્રવર્તી અને રાજ્ય મંત્રી સુજીત બોઝ સહિત

...અનુસંધાન પાના 15 પર

# ભારતના ISA સહિત 66 સંગઠનોમાંથી અમેરિકા આઉટ

**જે સંસ્થાઓમાંથી** અમેરિકા નિકળી ગયું તેમાં 31 UN સંસ્થાઓ તેમજ 35 બિન-UN સંગઠનોનો સમાવેશ

**અમેરિકા** હવે આ સંસ્થાઓને ભંડોળ આપશે નહીં, આ સંસ્થાઓને નકામી ગણાવતું ટ્રમ્પ તંત્ર

**યુનાઈટેડ નેશન્સ/વોશિંગ્ટન, તા. 8 (PTI):** રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર (UN)ની સંસ્થાઓ અને ભારત-ફ્રાંસની આગેવાની હેઠળના ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) સહિત 60 થી વધુ આંતરરાષ્ટ્રીય સંગઠનોમાંથી અમેરિકાને પાછું ખેંચી લીધું છે. આ સંસ્થાઓને તેમણે બિનજરૂરી અને અમેરિકાના હિતોની વિરુદ્ધ ગણાવી છે.

ટ્રમ્પે બુધવારે ‘વિથડ્રોઈંગ ધ યુનાઈટેડ સ્ટેટ્સ ફ્રોમ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન, કન્વેન્શન એન્ડ ટ્રીટીઝ ધેટ આર કોન્ટ્રેરી ટુ ધ ઈન્ટરેસ્ટ ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ્સ’ શીર્ષક ધરાવતા મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા હતા. હસ્તાક્ષર કર્યા પછી ટ્રમ્પે કહ્યું કે તેમણે નક્કી કર્યું છે કે 66 UN અને બિન-UN સંગઠનોના સભ્ય રહેવું, તેમાં ભાગ લેવો અથવા અન્ય કોઈ પણ રીતે સમર્થન આપવું એ અમેરિકાના હિતોની વિરુદ્ધ છે. વ્હાઈટ હાઉસની ફેક્ટ શીટ મુજબ, આમાં 31 UN સંસ્થાઓ તેમજ 35 બિન-UN સંગઠનોનો સમાવેશ થાય છે “જે યુએસ રાષ્ટ્રીય હિતો, સુરક્ષા,

...અનુસંધાન પાના 15 પર

### મોદીની પહેલ ‘ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ’માંથી ટ્રમ્પે છેડો ફાડ્યો

સંગઠનોની યાદીમાં ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)નો પણ સમાવેશ થાય છે, જે સૌર ઊર્જા ઉકેલો દ્વારા આબોહવા પરિવર્તન સામે લડવાના પ્રયાસોને એકીકૃત કરવાના ઉદ્દેશ્યથી ભારત અને ફ્રાંસ વચ્ચેની એક સહયોગી પહેલ છે. ભારતની રાજધાનીમાં મુખ્ય મથક ધરાવતું ISA, 2015 માં પેરિસમાં COP21 વખતે લોન્ચ કરવામાં આવ્યું હતું અને તેણે તમામ UN સભ્ય દેશોને સામેલ કરવા માટે તેની સભ્યપદનો વ્યાપ વિસ્તાર્યો છે. હાલમાં, 100 થી વધુ દેશો ISAમાં સહીકર્તા છે, જેમાં 90 થી વધુ દેશો બહાલી આપીને સંપૂર્ણ સભ્યો બન્યા છે. તેનું મિશન ટેક્નોલોજી અને ધિરાણ ખર્ચ ઘટાડીને 2030 સુધીમાં સૌર રોકાણમાં 1 ટ્રિલિયન ડોલર મેળવવાનું છે.

### શું ફેર પડશે?

**ISAમાંથી બહાર નીકળવું:** ISA એ ભારતની વૈશ્વિક આબોહવા નીતિનું મુખ્ય હથિયાર છે. અમેરિકાના બહાર નીકળવાથી 2030 સુધીમાં $1 ટ્રિલિયનના રોકાણના લક્ષ્યાંક પર અસર પડી શકે છે.

**આર્થિક પ્રભાવ:** અમેરિકા UN અને અન્ય સંસ્થાઓમાં સૌથી મોટો ફાળો આપનાર દેશ છે. તેના ખસી જવાથી વૈશ્વિક શાંતિ અને આબોહવા પરિવર્તનના પ્રોજેક્ટ્સમાં નાણાકીય કટોકટી સર્જાઈ શકે છે.